

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 023
Dt.: 01-10-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### આધારકાર્ડમાં કોઈ અપડેટ માટે આપવા પડશે વધારે પૈસા

## આધાર કાર્ડમાં નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

જો તમે તમારા આધાર કાર્ડનું નામ, સરનામું અથવા ફોટો અપડેટ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ આધાર કાર્ડ અપડેટ સંબંધિત નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી અમલમાં આવશે અને તમારા આધાર કાર્ડમાં કોઈપણ ફેરફાર કરવો પહેલા કરતા વધુ ખર્ચાળ રહેશે.UIDAI અનુસાર, ૧ ઓક્ટોબરથી નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે. બાયોમેટ્રિક માહિતી (ફોટો, ફિંગરપ્રિન્ટ, આઈરિસ) અપડેટ કરવા માટે ૧૨૫ ફી લેવામાં આવશે. (૭ થી ૧૭ વર્ષની વયના) બાળકો માટે બાયોમેટ્રિક અપડેટ માટે પણ ૧૨૫ ફી લેવામાં આવશે.

જોકે, નવું આધાર કાર્ડ બનાવવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને તે પહેલાની જેમ મફત રહેશે.

UIDAI ના CEO ભુવનેશ્વર કુમારે જણાવ્યું હતું કે ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૦ વર્ષ જૂના આધાર કાર્ડ અપડેટ કરવું ફરજિયાત રહેશે. આનો અર્થ એ થયો કે જો તમે છેલ્લા દાયકામાં તમારા આધાર કાર્ડને અપડેટ કર્યું નથી, તો તમારે હવે દસ્તાવેજો સબમિટ કરવા પડશે અને ફી ચૂકવવી પડશે. આ નિયમ એક વધારાનો ખર્ચ હોઈ શકે છે, ખાસ કરીને ગ્રામીણ અને નાના શહેરોમાં રહેતા લોકો માટે.

### નવું આધાર કાર્ડ બનાવવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને તે પહેલાની જેમ મફત રહેશે

UIDAI એ ૫ થી ૭ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના બાળકો અને કિશોરો માટે રાહત પૂરી પાડી છે. હવે, આ વય જૂથોમાં બાયોમેટ્રિક અપડેટ માટે કોઈ ફી રહેશે નહીં.

પહેલાં ફી ૫૦ હતી. જોકે, આ અપડેટ તેમના માટે ફરજિયાત રહેશે. સમયસર અપડેટ કરવામાં નિષ્ફળતાના પરિણામે તેમનું આધાર કાર્ડ અમાન્ય થઈ શકે છે.

૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ થી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોના આધાર કાર્ડ પર પિતા અથવા પતિનું નામ દેખાશે નહીં. આ માહિતી ફક્ત UIDAI રેકોર્ડમાં જ રહેશે. વધુમાં, જન્મ તારીખ હવે જન્મ વર્ષ (દા.ત., ૧૯૯૦) દ્વારા બદલવામાં આવશે. કેર ઓફ (C/o) કોલમ પણ દૂર કરવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી સરનામામાં ફેરફાર માટે ફક્ત બેંક સ્ટેટમેન્ટ અથવા યુટિલિટી બિલ (વીજળી, પાણી, ગેસ) માન્ય રહેશે.

જોકે, નામ અથવા જન્મ તારીખમાં ફેરફાર માટે પાન કાર્ડ, મતદાર ID અથવા જન્મ પ્રમાણપત્રની જરૂર પડશે. ૧ ઓક્ટોબરથી, સમગ્ર અપડેટ પ્રક્રિયા ડિજિટલ હશે, એટલે કે અરજીઓ UIDAI વેબસાઈટ અથવા mAadhaar એપ્લિકેશન દ્વારા સબમિટ કરવી આવશ્યક છે, અને દસ્તાવેજો નજીકના સરનામાં ચકાસણી કેન્દ્ર પર ચકાસવા આવશ્યક છે.

## ટ્રમ્પના મંત્રીની જાહેરાત: H1B વિઝામાં ફી વધારા બાદ હજુ પણ મોટા ફેરફારની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગટન




અમેરિકામાં ટ્રમ્પ સરકારે H-1B વિઝાની ફી અનેકગણી વધારીને ૧,૦૦,૦૦૦ અમેરિકી ડોલર કરી દીધી છે. ત્યારે અમેરિકાના વાણિજ્ય મંત્રી હોવર્ડ લુટનિકે H-1B વિઝા નિયમો વિશે એક મોટી વાત કહી છે. લુટનિકે જણાવ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૨૬ પહેલાં H-1B વિઝા પ્રક્રિયામાં ઘણા ફેરફારો થશે.

હોવર્ડ લુટનિકે વર્તમાન વિઝા પ્રક્રિયાને સંપૂર્ણપણે ખોટી ગણાવી છે. તેમણે ઓછા ખર્ચે આવતા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સને અમેરિકામાં પ્રવેશવાની અને તેમના પરિવારોને સાથે લાવવાની પરવાનગી સામે પણ વાંધો ઉઠાવ્યો છે. લુટનિકે મીડિયાને જણાવ્યું કે, 'આ પ્રક્રિયા ફેબ્રુઆરી ૨૦૨૬માં લાગુ થશે, લુટનિકે સંકેત આપ્યા છે કે અમેરિકી સરકાર H-1B વિઝા હેઠળની લોટરી સિસ્ટમને સમાપ્ત કરી શકે છે. લોટરી સિસ્ટમની ટીકા કરતા લુટનિકે સવાલના અંદાજમાં કહ્યું કે, શું કોઈ દેશે લોટરી દ્વારા કુશળ કામદારોને પોતાના દેશમાં લાવવા જોઈએ? તેમણે કહ્યું કે H-1B વિઝા લોટરી સિસ્ટમને સુધારવી જોઈએ અને અમેરિકાએ નોકરીઓ ફક્ત સૌથી કુશળ લોકોને જ આપવી જોઈએ. મંત્રી લુટનિકે કહ્યું, 'કંપનીઓએ એવા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સ અને ટ્રેઈનીને રાખવાનો વિચાર છોડી દેવો જોઈએ જેઓ ઓછા ખર્ચે આવતા હોય. આ વિશે મારો મત પાકો છે. મને લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ મુદ્દાઓ પર મારી સાથે છે. મારું માનવું છે કે ઓછા ખર્ચે આવતા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સ આ દેશમાં આવે અને તેમના પરિવારોને પણ લાવે, તે મને બિલકુલ ખોટું લાગે છે અને હું તેને યોગ્ય માનતો નથી.'

નોંધનીય છે કે, H-1B વિઝાની વધેલી ફીની ભારતીયો પર મોટી અસર થશે. H-1B વિઝા પ્રક્રિયા ૧૯૯૦માં શરૂ કરવામાં આવી હતી.

આ વિઝા સિસ્ટમ વિશ્વભરના એવા પ્રોફેશનલ્સ માટે ખૂબ જ લોકપ્રિય છે જેઓ અમેરિકામાં પોતાનું કરિયર બનાવવા માંગે છે. હવે જ્યારે અમેરિકી સરકાર નિયમોમાં ફેરફાર કરી રહી છે, ત્યારે તેની અસર ભારતીય પ્રોફેશનલ્સ પર પણ પડશે. મોટી સંખ્યામાં ભારતીય પ્રોફેશનલ્સ H-1B વિઝા દ્વારા અમેરિકામાં કામ કરી શકે છે.

### પાકિસ્તાનને મળશે વધુ આકરી સજા

## ભારતીય સેનાએ શરૂ કર્યો પહેલો ડ્રોન યુદ્ધાભ્યાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભવિષ્યના પડકારોની અપેક્ષાએ ભારતીય સેના ડ્રોન યુદ્ધાભ્યાસ કરી પોતાની તાકાત વધારી રહી છે. ભારતીય સેના અંબાલા નજીક નારાયણગઢ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે સેનાનો એર કોઓર્ડિનેશન એક્સરસાઈઝ કરી રહી છે. પાંચ દિવસની આ કવાયત પશ્ચિમ અને દક્ષિણ કમાન્ડ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. આ કવાયત વિવિધ પ્રકારના ડ્રોન ચલાવવા અને ડ્રોન હુમલાઓ ટાળવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહી છે.

પશ્ચિમ કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર કટિયારના જણાવ્યા મુજબ, સેના હવે ઊંચાઈવાળા વિસ્તારોમાં સપ્લાય કામગીરી માટે ડ્રોનનો વ્યાપક ઉપયોગ કરી રહી છે. ઓપરેશન સિંદૂરથી ડ્રોન કામગીરી અંગે મહત્વપૂર્ણ પાઠ શીખવા મળ્યા છે. તેથી, ડ્રોનના ઉત્પાદન અને તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આ કવાયતમાં, બંને કમાન્ડને અલગ અલગ નામ આપવામાં આવ્યા છે: એક સૂર્યાદેશ અને બીજું ચંદ્રાદેશ. બંને એકબીજા સાથે અલગ દેશો તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે. બંને એકબીજા પર ડ્રોન બોમ્બ ફેંકી રહ્યા છે અને તેનાથી બચવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી, તેઓ સમજી ગયા છે કે દુશ્મન ડ્રોનનો સામનો કેવી રીતે કરવો અને ડ્રોનથી તેમને કેવી રીતે હરાવવા. કવાયતમાં સામેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે સૈન્ય ઉપરાંત, હવે કૃષિમાં પણ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ માટે, સરકારે 'ડ્રોન દીદી' યોજના શરૂ કરી છે, જેના હેઠળ મહિલાઓને ડ્રોનનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવે છે.

તેઓએ જણાવ્યું હતું કે જો દુશ્મન સાથે ફરી અથડામણ થાય, તો તેમને વધુ કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ કવાયતમાં ઉપયોગમાં લેવાતા ડ્રોન સ્થાનિક રીતે બનાવવામાં આવે છે. તેમની રેન્જ પાંચ કિલોમીટર સુધી છે અને તેઓ ૫ કિલોગ્રામનો પેલોડ વહન કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે સેના પાસે લાંબી રેન્જ અને મોટા પેલોડવાળા ડ્રોન પણ છે.

### વડાપ્રધાને ભાજપ કાર્યકર્તાઓને જવાબદારી સોંપી

## દરેક દુકાન પર સ્વદેશી વસ્તુઓના બોર્ડ લગાવવા જોઈએ : પીએમ મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી ભાજપના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ દરમિયાન તેમણે દિલ્હીમાં ભાજપ કાર્યકર્તાઓને વિશેષ જવાબદારી સોંપી હતી. તેમણે કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે તેમને જાગૃત રહેવાની જરૂર છે.

કાર્યકરોની જવાબદારી છે કે જીએસટીનો લાભ સામાન્ય વ્યક્તિ સુધી પહોંચે. જીએસટી અંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે ૨૦૧૪થી પહેલા જો એક સામાન્ય પરિવાર પોતાની રોજિંદી જરૂરિયાત અંગે વર્ષમાં એક લાખ રૂપિયા ખર્ચ કરતું હતું તો તેને ૨૫૦૦૦ રૂપિયા ટેક્સ ચુકવવું પડતું હતું.

### યુપીએના સમયમાં એક લાખની ખરીદી પર ૨૫,૦૦૦ ટેક્સ લાગતો હતો જે હવે ઘટીને ૫૦૦૦ થયો



તેમણે જણાવ્યું હતું કે અમે ૨૦૧૭માં જીએસટી લઈને આવ્યા તો વસ્તુઓ સસ્તી થઈ અને ટેક્સમાં પણ ઘટાડો કર્યો.

તાજેતરમાં જીએસટીમાં કરાયેલા સુધારા પછી હવે પરિવારને એક લાખ રૂપિયાની ખરીદી પર ફક્ત પાંચથી છ હજાર રૂપિયા જ ટેક્સ ચુકવવો પડે છે. ઈંકમ ટેક્સ અને જીએસટી બંનેમાં આપવામાં આવેલી રાહતને ધ્યાનમાં લેવામાં આવે તો દર વર્ષે દેશના લોકોની અઢી લાખ કરોડ રૂપિયાની બચત થવાની છે.

દિલ્હીના લોકોની અપેક્ષા પૂર્ણ કરવા માટે દિલ્હી ભાજપ અને સરકાર કઠોર પરિશ્રમ કરી રહી છે. અમે વિકાસ અને વારસોના મંત્રની સાથે આગળ વધી રહ્યાં છે.

### દિલ્હીના IGI એરપોર્ટના ટર્મિનલ ૩ પર બની

## દિલ્હી એરપોર્ટ પરથી એકસાથે ૨૧ યુવતીઓની ધરપકડ થઈ

### આ યુવતીઓ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવવાનો પ્રયાસ કરી રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (IGI) એરપોર્ટ પર એક ચોંકાવનારો કેસ સામે આવ્યો છે, જેમાં ૨૧ યુવતીઓની ધરપકડ કરવામાં આવી છે. જણાવી દઈએ કે, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) ની ઈન્ટેલિજન્સ વિંગની સતર્કતા અને કુશળતાને કારણે એક મોટું કાવતરું નિષ્ફળ બન્યું છે. આ યુવતીઓ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવવાનો પ્રયાસ કરી રહી હતી.

આ ઘટના દિલ્હીના IGI એરપોર્ટના ટર્મિનલ ૩ પર બની હતી. CISF ઈન્ટેલિજન્સ વિંગના એક પ્રોફાઈલરે બે યુવતીઓને એકબીજા સાથે હાવભાવ અને આંખોના ઈશારાથી વાતચીત કરતી જોઈ હતી. આ યુવતીઓ ખૂબ જ સાવચેતી સાથે એક બીજા સાથે વાત કરી રહી હતી, પરંતુ પ્રોફાઈલરને તેમની હરકતોમાં કંઈક શંકાસ્પદ લાગી હતી. આ જોતા, તેમણે તરત જ બ્યુરો ઓફ ઈમિગ્રેશનના અધિકારીઓને આ અંગે જાણ કરી હતી. આ યુવતીઓ એક મોટા ગ્રુપનો ભાગ હતી, જેમાં કુલ ૨૧ યુવતીઓ સામેલ હતી. આ બધી યુવતીઓ એકબીજાથી થોડે દૂર રહીને ચાલી રહી હતી અને ઈશારા દ્વારા એકબીજા સાથે વાત કરી રહી હતી. તપાસમાં સામે આવ્યું કે, તેમનો ઉદ્દેશ્ય નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપવાનો હતો. આ કેસમાં સૌથી પહેલા સજીના બશીર નામની યુવતીને પકડવામાં આવી હતી. તે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ IX-૧૬૩ દ્વારા મસ્કત જવાની તૈયારીમાં હતી. જ્યારે તેના બોર્ડિંગ પાસની તપાસ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે, તેના પર લાગેલો "ઓકે ટૂ બોર્ડ" સ્ટેમ્પ નકલી હતો. આ પછી, CISFએ તેની સાથે સંપર્કમાં રહેલી અન્ય ૬ યુવતીઓના બોર્ડિંગ પાસની પણ તપાસ કરી હતી. અધિકારીઓને આ બધાના બોર્ડિંગ પાસ પર પણ નકલી સ્ટેમ્પ હોવાનું જાણવા મળ્યું હતું.

એર ઈન્ડિયા એક્સપ્રેસના અધિકારીઓએ પણ આ સ્ટેમ્પ નકલી હોવાની પુષ્ટિ પણ કરી હતી. આ દરમિયાન, બાકીની ૧૫ યુવતીઓએ ધરપકડના ડરથી તેમના બોર્ડિંગ પાસને ફેંકી દીધા હતા. પરંતુ, ફ્લાઈટના પેસેન્જર મેનિફેસ્ટની મદદથી તેમની ઓળખ કરવામાં આવી, અને તમામ ૨૧ યુવતીઓની ધરપકડ કરવામાં આવી હતી.

સજીના બશીરની પૂછપરછમાં ઘણી ચોંકાવનારી વિગતો પણ સામે આવી હતી. તેણે જણાવ્યું કે, તેણે પોતાનો પાસપોર્ટ અને અન્ય પાંચ યુવતીઓના પાસપોર્ટ દિલ્હીના એક એજન્ટને આપ્યા હતા. આ એજન્ટે તેમના પર નકલી સ્ટેમ્પ લગાવ્યા હતા. આ ખુલાસાથી બાકીની ૧૫ યુવતીઓ ગભરાઈ ગઈ અને તેમણે તેમના બોર્ડિંગ પાસનો નાશ કરી દીધો હતો. પરંતુ, CISF અને એરપોર્ટ સુરક્ષા ટીમે તેમની યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. તપાસમાં જાણવા મળ્યું કે, આ બધી યુવતીઓ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવવાનો પ્રયાસ કરી રહી હતી, જેથી તેઓ મસ્કત પહોંચી શકે. જોકે, તેમનો મસ્કત જવાનો હેતુ શું હતો અને તેઓ કોઈ મોટા રેકેટનો ભાગ હતી કે નહીં, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. આ ઘટના બાદ, IGI એરપોર્ટ પોલીસે તમામ ૨૧ યુવતીઓ સામે છેતરપિંડી અને નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવા બદલ FIR નોંધી છે. આ યુવતીઓને એરપોર્ટ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે. તેમના અસલ પાસપોર્ટ, નકલી સ્ટેમ્પવાળા બોર્ડિંગ પાસ, એર ઈન્ડિયા એક્સપ્રેસના "ઓકે ટૂ બોર્ડ" સ્ટેમ્પનો નમૂનો અને ફ્લાઈટ IX-૧૬૩ નું પેસેન્જર મેનિફેસ્ટ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે. હવે પોલીસની તપાસ દિલ્હીના તે એજન્ટ પર કાર્યવાહી કરી રહી છે, જેણે નકલી સ્ટેમ્પ લગાવ્યા હતા. આ ઉપરાંત, તપાસ એ પણ જાણવાનો પ્રયાસ કરશે કે, શું આ ઘટના કોઈ મોટા આંતરરાષ્ટ્રીય રેકેટનો ભાગ છે.






## બલૂચિસ્તાનના ક્વેટામાં સેના મુખ્યાલય બહાર બોમ્બ બ્લાસ્ટ અને ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)બલૂચિસ્તાન

પાકિસ્તાનના ક્વેટા શહેરમાં સ્થિત સેનાના ફ્રન્ટિયર કોર્પ્સ મુખ્યાલય પાસે આજે જોરદાર વિસ્ફોટ થયો છે અને ત્યાર બાદ અચાનક ગોળીબાર પણ થયો હતો. આ વિસ્ફોટનો અવાજ એટલો જોરદાર હતો કે વિસ્ફોટના કારણે આસપાસના ઘરો અને ઈમારતોની બારીઓના કાચ તૂટી ગયા હતા. આ ધમાકામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મોત થયા હોવાના અને આશરે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.

વિસ્ફોટ બાદ બલૂચિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રી બખ્ત મુહમ્મદ કાકર અને સ્વાસ્થ્ય સચિવ મુજીબ-ઉર-રહેમાન દ્વારા સિવિલ હોસ્પિટલ ક્વેટા, બીએમસી હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટરમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

સ્વાસ્થ્ય વિભાગે આદેશ આપ્યો છે કે તમામ સલાહકારો, ડૉક્ટર્સ, ફાર્માસિસ્ટ, સ્ટાફ નર્સ અને પેરામેડિકલ સ્ટાફ તાત્કાલિક ફરજ પર હાજર થાય.

આ સાથે જ, ઘાયલો અને મૃતકોના મૃતદેહોને ક્વેટા સિવિલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, વિસ્ફોટ પછી શહેરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ધમાકા પછી ઘટનાસ્થળે ફાયરિંગના અવાજો પણ સંભળાયા હતા, જેના કારણે લોકો સલામત સ્થળે જતા રહ્યા હતા. ધમાકા બાદ ઘટનાસ્થળેથી ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા.

# તંત્રી લેખ......

## લેહ-લદ્દાખમાં અજંપો

પર્યાવરણવાદી સોનમ વાંગચૂકે લદ્દાખના પ્રશ્નોને લઈને આદરેલી હડતાળે ચીનને અડીને આવેલા પર્વતીય વિસ્તારમાં હિંસક વળાંક લીધો, જેને જેન-ઝી આંદોલન તરીકે ઓળખાવવામાં આવે છે તે અરાજકતા અને હિંસા ભારતની સરહદમાં પણ ઘૂસ્યા છે, જે ચિંતાજનક છે. તેની ગંભીરતા એટલા માટે વધી ગઈ છે કે, ભારતમાં તે લેહ-લદ્દાખથી શરૂ થયું છે. હજી નેપાળનાં દૃશ્યો ટીવી ઉપરથી ભૂલાયાં નથી. ફ્રાન્સની સડકો ઉપર લોકો ઊતરી આવ્યા છે, તેના સમાચાર અને પૃથક્કરણ ચાલી રહ્યાં છે. લોકો થોડાં વર્ષો પહેલાં શ્રીલંકામાં ઊભી થયેલી સ્થિતિની પણ ચર્ચા કરે છે. લદ્દાખની જે સ્થિતિ થઈ તે કરવા પાછળ જે તત્ત્વો છે તેમાં એક નેપાળ પણ હોવાના સ્પષ્ટ સંકેત પ્રશાસનને આપ્યા છે. લેહમાં બુધવારે અચાનક જ વાતાવરણ પલટાયું, હિંસા ફાટી નીકળી, જે કાશ્મીર અને લેહ માટે ભારતીય જનતા પાર્ટી વિશ્વ સ્તરે જશ લઈ રહી છે તેનું પોતાનું જ કાર્યાલય ઉશ્કેરાયેલા યુવાનોએ સળગાવી નાંખ્યું તેટલી વિકરાળ આ આગ બની ગઈ. લદ્દાખને પૂર્ણ રાજ્ય આપવાની માંગ, લોકસભાની બે બેઠક ફાળવવા તથા નોકરીમાં સ્થાનિક યુવાનોને તક મળે તે અપેક્ષા સહિતના મુદ્દા તો ચાર વર્ષથી ત્યાં છે. અચાનક આ એવું તે શું થયું કે દ્સીને મેં જલન, આંખો મેં તુફાન સા ક્યું હૈ...' જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ તે કોઈ કહી શકતું નથી, પરંતુ ચાર વ્યક્તિનાં મૃત્યુ, અશ્રુવાયુ સહિતની ઘટનાઓએ આખા દેશનું ધ્યાન ખેંચ્યું. નેપાળમાં સોશિયલ મીડિયા બંધ કરવાના વિરોધમાં યુવાનો રસ્તા ઉપર ઊતર્યા થોડા કલાકો પછી આખી સરકાર રસ્તા ઉપર આવી ગઈ હતી. એક પખવાડિયાંમાં ભારતના એક પ્રાંતને આ ચેપ લાગી ગયો છે. લેહ-લદ્દાખ, કાશ્મીર કે મણિપુર કે દેશનો અન્ય કોઈ પણ હિસ્સો હોય ત્યાં સમસ્યા જ નથી તેવું નથી. લોકોને પોતાના પ્રશ્નો હોય, માગણી હોય અને તે વ્યક્ત કરવાનો અધિકાર પણ હોય, પરંતુ તે અધિકારમાં દેશની શાંતિ ડહોળવાનો સમાવેશ થઈ શકે નહીં. સૌથી અગત્યની વાત એ છે કે, નવી પેઢીનાં નામે જે આંદોલન ગણાવવામાં આવી રહ્યું છે, જેને ઈન્ટરનેટ કે સોશિયલ મીડિયાની ક્ષમતા ગણાવવામાં આવી રહ્યું છે તે આ કે અન્ય આંદોલનો સ્વયંભૂ છે કે કોઈ દ્વારા પ્રેરિત, આંદોલનનો પ્રકાર અને પદ્ધતિ બન્નેના અવલોકન-અભ્યાસ થવા જરૂરી છે. લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવીન્દ્ર ગુપ્તાએ કહ્યું, નેપાળની આમાં સંડોવણી છે. સાત વ્યક્તિની ધરપકડ થઈ છે. આ સ્થિતિમાં સરકાર અને પ્રશાસનનું ઉત્તરદાયિત્વ તો બન્ને રીતે છે. માધ્યમો અને પ્રજા આ આંદોલનોને કેવી રીતે જોવે છે તે અગત્યનું છે. પ્રશ્નોના ઉકેલ માટે પ્રજા સીધી જ કોઈ સરકારની સામે આવી જાય તેવું બને, ઈતિહાસના પાને પણ એવું દર્જ છે. શાસન સામે હાથ ઊંચા થવા અને કોઈનો હાથો બનીને હાથ ઊંચા થવા બન્ને સ્થિતિમાં ફેર છે. હિંસક આંદોલન કોઈ એક વર્ગ-વિચારને ફાયદો કરાવી શકે તો કરાવી શકે, પરંતુ દેશ માટે તે નુકસાનકારક છે. લેહ-લદ્દાખમાં જે કંઈ થઈ રહ્યું છે તે રોકાવું જોઈએ, પ્રશ્નોનો ઉકેલ સત્વરે આવે તે પણ જરૂરી છે, જ્યાં સુધી તે ન ઉકેલાય ત્યાં સુધી શાંતિ સ્થપાય તે અનિવાર્ય છે. આંદોલનકર્તા સોનમ વાંગચૂકની અટક પછી સ્થિતિ થાળે પડે એવી સંભાવના પણ છે.

## ગાંધી જયંતિ પૂર્વે લંડનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડ




(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

ગાંધી જયંતિના ત્રણ દિવસ પૂર્વે જ લંડનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડ કરવામાં આવી છે. જેમાં લંડનનાટેવિસ્ટોક સ્ક્વેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની અજાણ્યા વ્યકિતઓએ તોડફોડ કરી હતી. ભારતીય હાઈ કમિશને આ ઘટનાની સુરક્ષા એજન્સીઓને જાણ કરી હતી.આ પ્રતિમાના ચબૂતરા પર પણ કેટલીક હેરાન કરનારી વાતો લખવામાં આવી છે. આ ઘટનાની જાણકારી મળતા લંડન પોલીસે તપાસ શરુ કરી છે. આ ઘટના હાલ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બની છે.આ ઘટના અંગે ભારતીય હાઈ કમિશને નારાજગી વ્યક્ત કરી છે. લંડનના જાણીતા ચોકમાં મહાત્મા ગાંધીની ધ્યાનસ્થ મુદ્રામાં પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે રાષ્ટ્રપિતાના સ્મારકનું સમારકામ ચાલુ છે. જ્યારે સુરક્ષા એજન્સીઓ આ કૃત્ય કરનારની તપાસ કરી રહી છે.ભારતીય હાઈ કમિશને કહ્યું છે આ કોઈ સામાન્ય ઘટના નથી અને આની આકરી નિંદા કરવી જોઈએ. આ આંતર રાષ્ટ્રીય અહિંસા દિવસના ત્રણ દિવસ પૂર્વે અહિંસા ઉપાસક અને મહાત્મા ગાંધીની વિરાસત પર હુમલો છે. તેમજ સુરક્ષા એજન્સીઓ આની પર તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. તેમજ આ પ્રતિમાના સમારકામ માટે હાઈ કમિશનની ટીમ અધિકારીઓ સાથે કાર્યરત છે.

"સહકાર દ્વારા સમૃદ્ધિ"

# વર્ષ ૨૦૨૩થી અત્યારસુધીમાં નવી ૪૭૬ PACS, ૬૯૧ દૂધ મંડળીઓ અને ૨૨ મત્સ્ય મંડળીઓની રચના

## આગામી બે વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને PACSની સેવાઓથી આવરી લેવાનું આયોજન

રાજ્યના ખેડૂતો-પશુપાલકોની આવક બમણી કરવા, ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓનું વિસ્તરણ કરવા અને સહકારી સંસ્થાઓને આધુનિક બનાવવાના હેતુસર ગુજરાતમાં ૧૦,૯૫૭ PACS થકી ૧૩,૮૭૫ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જાન્યુઆરી, ૨૦૨૩થી અત્યારસુધીમાં રાજ્યમાં નવી ૪૭૬ PACS, ૬૯૧ દૂધ મંડળીઓ અને ૨૨ મત્સ્ય મંડળીઓની રચના પણ કરવામાં આવી છે. આમ, આગામી ૨ વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી-PACSની સેવાઓથી આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત તેમજ વ્યાપક બનાવવા માટે વિવિધ યોજનાઓ અને પહેલ સુપેરે અમલમાં મુકવામાં આવી રહી છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શનમાં રાજ્યમાં નવી PACSની રચના અને નાણાકીય સહાય યોજના, અનાજ સંગ્રહ યોજના, PMKSK, પાણી સમિતિ, CSC અને FPS સેવાઓ, જન ઔષધિ કેન્દ્ર, વ્યાજ રાહત અને પ્રોત્સાહન જેવી વિવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા નવી PACSને ફર્નિચર ખરીદી માટે ૮૦ ટકા અથવા રૂ. ૧૦ હજારની સહાય તેમજ શેર કેપિટલ માટે મહત્તમ રૂ. ૫૦ હજારની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને ત્રણ વર્ષમાં રૂ. ૫૦ હજારની સહાય પણ આપવામાં આવશે.

ભારતમાં અનાજ સંગ્રહ ક્ષમતાની અછતને પહોંચી વળવા માટે ગુજરાતમાં ૯૨ PACSની પસંદગી કરવામાં આવી છે, જે પૈકી ૫૪ PACSના DPR તૈયાર થઈ ગયા છે. જેમાંથી ૧૪ PACS માટેની લોન પણ મંજૂર થઈ ગઈ છે. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ મેટ્રિક ટનથી વધુ ક્ષમતાના ગોડાઉન માટે પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા અથવા રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવે છે. ઉપરાંત ગોડાઉન કે અન્ય માળખાકીય સુવિધા વિકસાવવા માટે PACSને ૨,૫૦૦ ચોરસ મીટર જમીન ૧૦ ટકા જંત્રી દરે ફાળવવામાં આવે છે.

પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર-PMKSK અંતર્ગત રાજ્યમાં ૩,૩૨૮ PACSને અપગ્રેડ કરવામાં આવી છે. આ ઉપરાંત પાણી સમિતિ યોજના અંતર્ગત ૧૯૫ PACSની પસંદગી કરવામાં આવી છે. જે પૈકી ૭૫ PACSના પંચાયત સાથે કરાર કરવામાં આવ્યા છે, જેમાંથી ૫૭ PACSમાં કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. વધુમાં, કોમન સર્વિસ સેન્ટર-CSC માટે કુલ ૩,૭૦૯ PACS ઓનબોર્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કુલ ૭ PACS દ્વારા જન ઔષધિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં માસિક ૨૦ ટકાના વેચાણ પર રૂ. ૧૫ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા PACSને રૂ. ૨૫ લાખ સુધીના કેશ ક્રેડિટ પર પાંચ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. PACSને સારી કામગીરી માટે જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે અનુક્રમે રૂ. ૫ લાખ, રૂ. ૩ લાખ અને રૂ. ૧ લાખના ઈનામ, જ્યારે તાલુકા કક્ષાએ પ્રથમને રૂ. ૧ લાખ ઈનામ આપવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં 'સહકાર મંત્રાલય' દ્વારા સમગ્ર ક્ષેત્રના વિકાસ માટે ત્રણ નવી નેશનલ લેવલની સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત સેવા સહકારી મંડળીના બહુ આયામી વિકાસ માટે મોડેલ કો-ઓપરેટિવ બાયલોઝ, પેક્સ કમ્પ્યુટરાઈઝેશન, બે લાખ નવી પેક્સનું નિર્માણ, વિશ્વનો સૌથી મોટો ગ્રેઈન સ્ટોરેજ પ્રોગ્રામ, પેક્સને કોમન સર્વિસ સેન્ટર-CSC બનાવવી, ૧૧૦૦ નવા FPOની રચના, પેક્સને પેટ્રોલ પંપ, LPG ડીલરશીપમાં અગ્રતા, ખાતર, જન ઔષધિ કેન્દ્ર જેવા ધંધામાં વૈવિધ્યકરણની યોજનાઓ તથા સોલાર માટેની યોજનાનો અમલ કરાવવા જેવા ૪૫ જેટલા નવીન પગલાઓ પણ લેવામાં આવ્યા છે.

- જીગર બારોટ

## નેપાળ બાદ ઈસ્ટ તિમોર અને હવે મડાગાસ્કરમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

નેપાળમાં હિંસક આંદોલન કરી Gen Z દ્વારા સરકાર ઉથલાવી દેવામાં આવતાં હવે વિવિધ દેશોના Gen Zએ પોતાના દેશની સરકાર વિરૂદ્ધ આંદોલન છેડ્યું છે. નેપાળ બાદ ઈસ્ટ તિમોર અને હવે મડાગાસ્કરમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું છે. હજારો Gen Z મડાગાસ્કરની સરકાર વિરૂદ્ધ પાણી અને વીજકાપ મુદ્દે દેખાવો કરતાં રસ્તા પર ઉતર્યા છે. આ આંદોલન મડાગાસ્કરની સરકાર ઉથલાવવાની તૈયારીમાં છે.

આ દેશના હજારો યુવાનો 'અમે જીવવા માંગીએ છીએ, ટકી રહેવા નહીં"ના સૂત્રો સાથે રસ્તા પર દેખાવો કરી રહ્યા છે. આ આંદોલનકારીઓ પર કાબૂ મેળવવા સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવતાં હિંસા થઈ હતી. જેમાં ૨૨ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦૦ ઘાયલ થયા હતાં.

મડાગાસ્કરના પ્રમુખ એન્ડ્રી રાજોએલિનાએ આ મામલે જણાવ્યું હતું કે, લાંબા સમયથી ચાલી રહેલા પાણી અને વીજ કાપ માટે ચાલી રહેલા દેખાવોના કારણે અમે સરકારનું વિસર્જન કરીશું. સરકારના સભ્યોએ તેમને સોંપવામાં આવેલા કાર્યો સમયસર પૂર્ણ કર્યા નથી, તેનો અમે સ્વીકાર કરીએ છીએ અને માફી માગીએ છીએ.

યુએનના માનવાધિકારના અધ્યક્ષે મડાગાસ્કરમાં આંદોલનકારીઓ પર સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને વખોડી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરક્ષા દળોની આક્રમક કાર્યવાહીના કારણે મડાગાસ્કરના ૨૨ યુવાનો માર્યા ગયા છે, અને ૧૦૦ ઘાયલ થયા છે. જો કે, મડાગાસ્કરના વિદેશ મંત્રાલયે યુએનના આ દાવાને ફગાવી દીધો છે. તેણે મોતના આંકડાઓ ખોટા હોવાનું નિવેદન આપ્યું છે.

મડાગાસ્કરની રાજધાની એન્ટાનાનારીવોમાંથી શરૂ થયેલું આ આંદોલન દેશના આઠ શહેરોમાં ફેલાયું છે. હિંસા અને લૂંટફાટના અહેવાલો બાદ એન્ટાનાનારીવોમાં સાંજથી સવાર સુધી કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો, પોલીસે ભીડને વિખેરવા માટે રબર બુલેટ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. UN અનુસાર, સુરક્ષા દળો દ્વારા કાર્યવાહી હાથ ધરાતાં લોકોના મોત થયા છે. વધુમાં લૂંટફાટ અને હિંસાના કારણે પણ ઘણા લોકોના મોત થયા હતાં. ગયા અઠવાડિયે, મડાગાસ્કરના પ્રમુખે જાહેરાત કરી હતી કે તેમણે ઉર્જા મંત્રીને તેમનું કામ યોગ્ય રીતે કરવામાં નિષ્ફળ રહેવા બદલ બરતરફ કર્યા છે, પરંતુ પ્રદર્શનકારીઓએ પ્રમુખ અને તેમની સરકારના અન્ય સભ્યોને રાજીનામું આપી દેવાની માંગ કરી હતી.૧૯૬૦માં સ્વતંત્રતા મળી ત્યારથી મડાગાસ્કર અનેક બળવાઓથી હચમચી ગયું છે, જેમાં ૨૦૦૯માં થયેલા મોટાપાયે વિરોધ પ્રદર્શનો સમાવિષ્ટ છે જેના કારણે ભૂતપૂર્વ પ્રમુખ માર્ક રાવલોમનાનાને પદ છોડવાની ફરજ પડી હતી અને ત્યારબાદ રાજોએલિના સત્તા પર આવ્યા હતા.

SAPTI ગુજરાતના પથ્થર શિલ્પકળા ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસને આપી રહ્યું છે વેગ

# વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (મહેસાણા) ઉત્તર ગુજરાતમાં કૌશલ્ય વિકાસના મહત્વને ઉજાગર કરશે

## આકરી મહેનત સપનાઓને હકીકતમાં પલટે છે, જાણો એક યુવા વિદ્યાર્થી કુલદીપસિંહ રાઠોડની સાફલ્યગાથા

નવી પેઢીને કૌશલ્ય વિકાસ માટે પ્રોત્સાહન આપવું એ આજે રાષ્ટ્રીય જરૂરિયાત છે, અને આત્મનિર્ભર ભારતનો પાયો છે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણકામ વિભાગ તેમજ ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા સ્થાપિત SAPTI (સ્ટોન આર્ટિસન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ) સંસ્થા રાજ્યના પથ્થરકલા ઉદ્યોગની સંભાવનાઓનો ઉપયોગ કરે છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત વિકસિત ભારત @૨૦૪૭ના મંત્રને અનુસરીને પથ્થરકલા અને શિલ્પ-સ્થાપત્યના મૂલ્યવાન વારસાને આગળ ધપાવે છે.

માનનીય વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને ધ્યાનમાં રાખીને SAPTIનો ઉદ્દેશ ગુજરાતના પથ્થરકલા ઉદ્યોગની ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવાનો તેમજ પથ્થરકલા અને સ્થાપત્યના સમૃદ્ધ વારસાને આગળ ધપાવવાનો છે.

રાજ્યએ બે આર્ટિઝન પાર્ક્સ સ્થાપિત કર્યા છે- એક અંબાજી (બનાસકાંઠા જિલ્લો) ખાતે અને બીજો ધ્રાંગધ્રા (સુરેન્દ્રનગર જિલ્લો) ખાતે. ઉત્તર ગુજરાતમાં સ્થિત SAPTI-અંબાજી આરસના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં સ્થિત SAPTI-ધ્રાંગધ્રા રેતી-પથ્થરના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સ્ટોન આર્ટિઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (SAPTI) એ ૨૦૨૨ અને ૨૦૨૫ દરમિયાન તેના ઉપર્યુક્ત બંને કેન્દ્રો પર કુલ ૯૪૫ ઉમેદવારોની નોંધણી કરી છે. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં, કુલ ૩૦૭ ઉમેદવારો અંબાજી કેન્દ્રમાંથી સફળતાપૂર્વક સ્નાતક થયા છે. તેવી જ રીતે, ધ્રાંગધ્રા કેન્દ્રમાંથી, ૩૩૧ ઉમેદવારો સફળતાપૂર્વક સ્નાતક થયા છે.

- કુલદીપસિંહ રાઠોડની સાફલ્યગાથા

અંબાજીના યુવાન વિદ્યાર્થી કુલદીપસિંહ પ્રવિણસિંહ રાઠોડે ૧૦મું ધોરણ પૂર્ણ કર્યા પછી સપ્તી અંબાજીમાં સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઈન કોર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો. કુલદીપસિંહ



ગરીબ પરિવારમાંથી આવે છે. માસિક ફક્ત રૂા.૨૨ હજારની આવકમાં તેમના માતા-પિતા અને બે ભાઈઓનું ગુજરાન ચલાવવું મુશ્કેલ હતું. આવા પડકારો છતાં, કુલદીપસિંહે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનું સ્પષ્ટ સ્વપ્ન જોયું.

તાલીમની શરૂઆતમાં અદ્યતન ડિઝાઈન પદ્ધતિઓ અને પથ્થર કોતરણી તકનીકોની સમજ કેળવવામાં તેમને મુશ્કેલી પડી. પરંતુ સતત અભ્યાસ અને સપ્તીના નિષ્ણાત શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તેમણે કૌશલ્યની તાલીમ લેવાનું ચાલું રાખ્યું. તેમની ઈચ્છાશક્તિ અને મહેનતથી કુલદીપસિંહ એક નિષ્ણાત કારીગર અને લેથ મશીન ઓપરેટર બન્યા તેમજ પોતાનો વ્યવસાય શરૂ કરવાનો આત્મવિશ્વાસ જાગ્યો.

આજે, તેઓ દર મહિને લગભગ રૂા.૨૫,૦૦૦ કમાય છે, જેનાથી તેમના પરિવારને આર્થિક મદદ મળી છે. ભવિષ્યમાં કુલદીપસિંહ પોતાના વ્યવસાયને આગળ લઈ જવા માટે એક ક્રાફ્ટ સ્ટુડિયો બનાવવા માંગે છે જેમાં સર્જનાત્મકતા, પરંપરાગત કળા અને આધુનિક ડિઝાઈનનું મિશ્રણ થઈ શકે.

કુલદીપસિંહ માને છે કે સખત મહેનત અને સમર્પણ સૌથી મુશ્કેલ પડકારોને પણ તકોમાં ફેરવી શકે છે.

સપ્તી દ્વારા એકતા શિલ્પ સિમ્પોઝિયમ ૨૦ જુલાઈથી ૮ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયો હતો. સમગ્ર ભારતમાંથી ૨૪ શિલ્પકારોએ આરસપહાણની બેનમૂન કૃતિઓ બનાવી હતી જેમાં પરંપરાગત અને આધુનિક શૈલીઓનો સમન્વય હતો. તેમણે પ્રકૃતિ, જળ અને એકતાની થીમ પર આ કૃતિઓ તૈયાર કરી હતી. આ સિમ્પોઝિયમ દરમિયાન તૈયાર થયેલા ૧૬ શિલ્પોને વડાપ્રધાનશ્રીએ જાહેર જનતાને સમર્પિત કર્યા હતા. આ સિમ્પોઝિયમના માધ્યમથી આ ક્ષેત્રમાં સપ્તીની ભૂમિકા વધુ મજબૂત બનવાની સાથે ભારતના સમૃદ્ધ વારસા વિશે જાગરૂકતા લાવવામાં મદદ મળી હતી.

સપ્તીનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ, શિક્ષણ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને દેશની શિલ્પકલાને મજબૂત બનાવીને તેનું જતન કરવાનો છે. ૯-૧૦ ઓક્ટોબરના રોજ ઉત્તર ગુજરાત (મહેસાણા)માં યોજાનાર આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં આ પહેલ મુખ્ય ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમના પહેલા દિવસે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.

## ઈન્ડોનેશિયામાં મોટી દુર્ઘટનાઃ નમાઝ દરમિયાન શાળા ધરાશાયી થતાં ૬૫ વિદ્યાર્થીઓ દટાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્ડોનેશિયા

ઈન્ડોનેશિયામાં એક ઈસ્લામિક સ્કૂલની ઈમારત ધરાશાયી થઈ ગઈ છે. છઁના રિપોર્ટ મુજબ, કાટમાળ નીચે ઓછામાં ઓછા ૬૫ વિદ્યાર્થીઓ દટાયેલા હોવાની આશંકા છે.

અધિકારીઓએ જણાવ્યું કે, આ નિર્માણાધીન ઈમારત ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ સોમવારના રોજ જ્યારે ડઝનબંધ વિદ્યાર્થીઓ નમાઝ પઢી રહ્યા હતા, ત્યારે તેમના પર તૂટી પડી. આ દુર્ઘટનામાં એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું, ડઝનબંધ ઘાયલ થયા અને ઘણા વિદ્યાર્થીઓ કાટમાળમાં ફસાયા છે. આ વિદ્યાર્થીઓની ઉંમર મોટે ભાગે ૧૨ થી ૧૭ વર્ષની વચ્ચે હોવાનું કહેવાય છે.

ઈમારત તૂટી પડ્યા બાદ તરત જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો. વાલીઓ અને સગાં-સંબંધીઓ તેમના બાળકોની સલામતીની દુઆઓ કરવા માટે સ્કૂલ કેમ્પસ અને હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

નોંધનીય છે કે, કમાન્ડ પોસ્ટ પર લગાવેલા નોટિસ બોર્ડ મુજબ ૬૫ જેટલા વિદ્યાર્થીઓ હજુ પણ લાપતા છે. પોતાના સંતાનનું નામ ગુમ થયેલાની યાદીમાં જોઈને અનેક વાલીઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા

બચાવકર્મીઓ, પોલીસ અને સૈનિકોએ રાતભર રાહત અભિયાન ચલાવીને અત્યાર સુધીમાં ૮ ઘાયલ વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા છે. રેસ્ક્યૂ ટીમ દટાયેલા વિદ્યાર્થીઓ જીવિત રહી શકે તે માટે તેમના સુધી ઓક્સિજન સિલિન્ડર અને પાણીની બોટલો પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.જોકે, આ બચાવ કામગીરી અત્યંત મુશ્કેલ છે, કારણ કે કોંક્રિટના ભારે સ્લેબ અને ઈમારતનો તૂટી ગયેલો અસ્થિર ભાગ કોઈ પણ સમયે ફરીથી ધરાશાયી થઈ શકે છે.

# ભાવનગર રેલવે મંડળ પર "રાજભાષા માસ-૨૦૨૫"નું સફળ આયોજન

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ પર ૧૪ સપ્ટેમ્બરના અવસરે મંડળ કચેરી તથા મહત્વપૂર્ણ સ્ટેશનો પર હિન્દી દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગરની મંડળ કચેરીમાં તા. ૦૧-૦૯-૨૦૨૫ થી તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધી રાજભાષા માસ ૨૦૨૫ ઉજવાયો હતો.

આ અવસરે કર્મચારીઓ માટે ૦૪ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ૧૦૨ કર્મચારીઓએ મોટા ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ ઉપરાંત વિભાગવાર રાજભાષા પ્રદર્શની પણ યોજાઈ હતી જેમાં તમામ વિભાગોએ તેમના વિભાગોમાં થઈ રહેલા હિન્દી કાર્યોનું પ્રદર્શન કર્યું હતું. મંડળ કચેરી સિવાય સ્ટેશન રાજભાષા અમલ સમિતિ – ભાવનગર ટર્મિનસ, ભાવનગર પારા, ધોળા, બોટાદ, જેતલસર, જૂનાગઢ, વેરાવળ તથા પોરબંદર દ્વારા પણ હિન્દી દિવસના અવસરે હિન્દી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે સમગ્ર ભાવનગર મંડળમાં રાજભાષા હિન્દીનો ઉત્સાહભર્યો અને અભૂતપૂર્વ વાતાવરણ સર્જાયું હતું. ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે મંડળ કચેરીમાં તા. ૩૦-૦૯-૨૦૨૫ના રોજ રાજભાષા માસ ૨૦૨૫નું સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં સ્પર્ધાના વિજેતાઓ, વિવિધ પ્રોત્સાહન યોજનાઓમાં ભાગ લઈને



પુરસ્કાર મેળવનાર અધિકારીઓ-કર્મચારીઓ સાથેસાથે આ આયોજનમાં સહકાર આપનાર કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધક મહોદયના કરકમલોથી નગદ પુરસ્કાર તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે ઉપ મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માજીએ સૌને અભિનંદન પાઠવતા જણાવ્યું કે રાજભાષાના પ્રચાર-પ્રસાર માટે સૌએ વધુમાં વધુ યોગદાન આપવું જોઈએ જેથી ભાવનગર મંડળનું નામ ઉજ્જ્વળ થાય. કાર્યક્રમના અધ્યક્ષ તથા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માજીએ ઉપસ્થિત અધિકારીઓ-કર્મચારીઓને તેમના સાંવિધાનિક દાયિત્વોનું નિર્વહ કરતાં વધુમાં વધુ કાર્ય હિન્દીમાં કરવા વિનંતી કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાજભાષાના પ્રચાર-પ્રસાર માટે સૌ યોગદાન આપતા રહેશે. રાજભાષા માસ ૨૦૨૫નું સફળ આયોજન અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માજીના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ શ્રી રામપ્રીત મૌર્ય, મંડળ વિજળી ઈજનેર (ટીઆરડી) તેમજ રાજભાષા વિભાગના વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયા, કનિષ્ઠ અનુવાદક શ્રી નરપતસિંહ અને કચેરી અધ્યક્ષ શ્રી બી. એન. ડાભી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયાએ કર્યું તથા આભાર જ્ઞાપન શ્રી બી. એન. ડાભીએ કર્યું.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શી ભાવમાં કડાકો બોલાયો: બુલડેક્સ ફ્યુચર્સ ૨૫૫ પોઈન્ટ ઘટ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૧૩.૧૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૪૮૧.૦૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૧૧૯૭.૫૯ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૬૦૯૯૬.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૧૩.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૪૮૧.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૧૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૧૪.૨૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૧૧૯૭.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬૮૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૭૮૮ના ઉચ્ચત્તમ સ્તર અને નીચામાં રૂ.૧૧૫૪૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૬૩૪૪ના આગલા બંધ સામે રૂ.૩૬૯ ઘટી રૂ.૧૧૫૯૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૯૩૦૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૧૧૬૩૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૭ ઘટી રૂ.૧૧૫૩૮૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬૪૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૭૭૭ અને નીચામાં રૂ.૧૧૫૧૯૩ના મથાળે અથડાઈ, રૂ.૧૧૫૯૭૪ના આગલા બંધ સામે રૂ.૩૨૩ ઘટી રૂ.૧૧૫૬૫૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૩૮૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૪૩૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૪૦૦૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩૦૯૯ના આગલા બંધ સામે રૂ.૧૯૫૭ ઘટી રૂ.૧૪૧૧૪૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૮૯૪ ઘટી રૂ.૧૪૧૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૮૮ ઘટી રૂ.૧૪૧૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૩૪૦.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૮૯ અને નીચામાં રૂ.૩૭૧૭ના સ્તરને સ્પર્શી, રૂ.૨૮ વધી રૂ.૩૭૬૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૩૦ અને નીચામાં રૂ.૫૫૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૦ના આગલા બંધ સામે કોઈ ફેરફાર વગર રૂ.૫૬૧૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨ ઘટી રૂ.૫૬૧૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ ૮૦ પૈસા વધી રૂ.૨૯૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૯૦ પૈસા વધી રૂ.૨૯૧.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૬૨.૫ના ભાવે ખૂલી, ૩૦ પૈસા વધી રૂ.૯૬૫.૫ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૦ના ભાવે ખૂલી, રૂ.૨૬ વધી રૂ.૨૪૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭૯૩૧.૨૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૩૨૬૬.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૯.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૯૦.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૪૦.૯૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૮૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૧૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૯૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૫૪૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૫૪૧૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૦૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૨૮૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૬૯૮૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૮૮૨૦૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૧૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૧૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૬૦૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૭૭૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૧૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૫૫ પોઈન્ટ ઘટી ૨૭૧૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૨ વધી રૂ.૧૬૯.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા વધી રૂ.૧૭.૮ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬ ઘટી રૂ.૧૨૮૦ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૯૧ ઘટી રૂ.૩૪૬૫ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૦૯ ઘટી રૂ.૧૭.૦૯ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા વધી રૂ.૮.૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૨ વધી રૂ.૧૫૦ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૧૭.૮ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧ ઘટી રૂ.૧૭૪૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૯૩.૫ ઘટી રૂ.૩૫૭૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૩ વધી રૂ.૧૬૬.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૧૬.૨ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨ વધી રૂ.૧૯૨૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૩૩.૫ વધી રૂ.૪૩૬૪ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૯ વધી રૂ.૧૮.૦૧ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૨.૧ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૯૫ વધી રૂ.૧૬૮.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા વધી રૂ.૦.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૩.૫ વધી રૂ.૨૧૦૨ થયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૨૦.૫ વધી રૂ.૪૧૮૦ના ભાવે બોલાયો હતો.

# રાજસ્થાનના નાગોરમાં મળ્યો લિથિયમનો ભંડાર

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજસ્થાન

રાજસ્થાનના નાગૌર જિલ્લાના કારણે હવે દેશની ચીન પર બેટરી આયાત પર નિર્ભરતા દૂર થશે. હવે મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રિક વાહનો અને રિચાર્જેબલ બેટરીનું ઉત્પાદન આપણા દેશમાં જ થશે. બેટરી બનાવવા માટે વપરાતાં લિથિયમનો ભંડાર હવે રાજસ્થાનમાં ઉપલબ્ધ થશે. જેના લીધે ઉદ્યોગોના વિકાસને વેગ મળશે.

આ લિથિયમના ભંડારના કારણે રાજસ્થાનની આવકમાં પણ વધારો થશે, તેમજ રોજગારીની નવી તકોનું સર્જન કરશે. વ્હાઈટ ગોલ્ડ નામથી લોકપ્રિય લિથિયમનો મોટો ભંડાર નાગૌર જિલ્લામાંથી મળી આવ્યો છે.

નાગૌર જિલ્લાના ડેગાના ક્ષેત્રમાંથી લિથિયમનો વિપુલ જથ્થો મળ્યો છે. જેના લીધે હવે ચીનમાંથી આયાત થતાં લિથિયમમાં ઘટાડો થશે. અંદાજ છે કે, નાગૌરના રેવંત પર્વતોમાંથી ૧૪ મિલિયન ટન લિથિયમનો ભંડાર મળી આવ્યો છે. આ પ્રદેશની આવક અને રોજગારીની તકોમાં વૃદ્ધિ થશે.

લિથિયમનો ઉપયોગ મોબાઈલ, લેપટોપ, ઈ-વાહનો અને રિચાર્જેબલ બેટરી બનાવવા માટે થાય છે.

ડેગાના ક્ષેત્રમાંથી મળી આવેલો લિથિયમનો ખજાનો રાજસ્થાન માટે અત્યંત મહત્ત્વનો સાબિત થશે. અહીંના પર્વતોમાં આશરે ૧૪ મિલિયન ટન લિથિયમ હોવાની સંભાવના છે. વર્તમાનમાં ભારત લિથિયમ માટે ચીન પર નિર્ભર છે. ચીનમાંથી ૭૦થી ૮૦ ટકા લિથિયમ આયાત થાય છે. એવામાં લિથિયમના આ મોટા ખજાનાથી દેશમાં મોટી ક્રાંતિ આવશે. કેન્દ્રીય ખનન મંત્રાલયમાં લિથિયમના ખાણકામ માટે હરાજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. હરાજી પ્રક્રિયાના દસ્તાવેજો જમા કરવાની અંતિમ તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ નિર્ધારિત કરવામાં આવી છે. ત્યારબાદ તેની હરાજી બોલાશે.

લિથિયમનું સિમ્બોલ Li છે. તે અત્યંત પ્રતિક્રિયાશીલ છે. હવામાં ઓક્સિજનના સંપર્કમાં આવતાં તે તુરંત સળગી ઉઠે છે. તે નરમ, ચાંદીની જેમ સફેદ અને ચમકદાર છે. લિથિયમ વ્હાઈટ ગોલ્ડ તરીકે ઓળખાય છે. તેનો ઉપયોગ વિવિધ ઈલેક્ટ્રોનિક ડિવાઈસિસમાં થાય છે.

# વિદ્યાર્થીને કચડનાર આઈસર ચાલક સગીર નીકળ્યો, બનેવી સામે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વટવા કેનાલ પાસે થોડા દિવસ પહેલાં અકસ્માત સર્જાયો હતો. જેમાં વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માત કરનાર આઈસર ચાલકની તપાસ કરતા તે સગીર હોવાનું સામે આવ્યું હતું. જેથી સગીરને વાહન આપવું ગુનો બનતો હોવાથી પોલીસે આઈસર આપનારની તપાસ કરતા સગીરના બનેવીએ જ વાહન આપ્યું હોવાનો ખુલાસો થયો હતો. કે ડિવિઝન ટ્રાફિક પોલીસે સગીરના બનેવી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાથીજણમાં રહેતો ૧૯ વર્ષીય પ્રિયેશ વ્યાસ ગોતાની સિલ્વર ઓક યુનિ.માં અભ્યાસ કરતો હતો. ગત તા.૧૧મીએ પ્રિયેશ તેના મિત્ર હર્ષ સાથે ટુવ્હીલર પર જઈ રહ્યો હતો. ત્યારે વટવા કેનાલ પાસે આઈસરના ચાલકે ટક્કર મારતા બંને યુવકો રોડ પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પ્રિયેશનું મોત થયું હતું. પોલીસે આઈસરના ચાલકની તપાસ કરતા તે સગીર હોવાનું ખૂલ્યું હતું. પોલીસ તપાસમાં સગીરને તેના બનેવી નીરજ ગુર્જરે બે માસથી આઈસર ટ્રક આપી હોવાનું જણાઈ આવ્યું હતું. કે ડિવિઝન ટ્રાફિક પોલીસે નીરજ ગુર્જર સામે સગીરને વાહન ચલાવવા આપવાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ખોખરા સેવન્થ ડે સ્કૂલ પાસેથી ૪૫ વર્ષીય યુવક રોડ ક્રોસ કરતો હતો ત્યારે અજાણ્યા વાહનચાલકે તેને અડફેટે લેતા તે રોડ પર પટકાયો હતો.

દસેક દિવસ પહેલાં બનેલી આ ઘટનામાં યુવકને સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરતા આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦ નું બોનસ અપાશે

# ખેડૂતો પાસેથી ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે તા. ૦૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે

### તા. ૧ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા ઓનલાઈન નોંધણી કરાશે

રાજ્ય સરકાર હર હંમેશ ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬ માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ.,મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ., બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર –માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ તા. ૧ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી તા. ૧ નવેમ્બર ૨૦૨૫ થી તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓએ ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂત મિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખેડૂતોએ ખાસ કાળજી લેવાની રહેશે. દસ્તાવેજ/ડોક્યુમેન્ટ્સની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહિ. નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે. - ઋચા રાવલ

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લાઠી ખાતેના સંતોકબા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું

### રાજ્યપાલશ્રીએ રાહત દરે ગ્રામીણ વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા બદલ ટ્રસ્ટી મંડળને અભિનંદન પાઠવ્યા



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન આજે લાઠી ખાતે રાહત દરે આરોગ્ય સેવાઓ પૂરી પાડતાં સુવિધાસભર સંતોકબા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈને તેમના દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન લેબોરેટરી, એક્સ રે, ઓ.પી. ડી. રૂમ, ફિઝિયોથેરાપી સહિતના વિભાગની આરોગ્ય સેવાઓની પ્રત્યક્ષ વિગતો જાણી હતી, સાથે જ દર્દીઓ અને તબીબી સ્ટાફના પ્રતિભાવો મેળવી, તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યપાલશ્રીએ પ્રસાદ સેવા પૂરી પાડતાં રસોડા વિભાગના કર્મચારીઓ સાથે પણ મુલાકાત કરીને તેમના સેવાકીય કાર્યને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીને સંતોકબા લાલજી દાદા ધોળકિયા વેલ્ફેર ટ્રસ્ટના મોભી શ્રી રાકેશભાઈ ધોળકિયાએ આ આરોગ્યની કેન્દ્રની સેવાઓથી અવગત કર્યા હતા. વધુમાં રાજ્યપાલશ્રીએ રાહત દરે ગ્રામીણ વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા બદલ ટ્રસ્ટી મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, પદ્મ શ્રી સવજીભાઈ ધોળકિયા, પ્રાંત અધિકારી શ્રી બ્રહ્મભટ્ટ, ટ્રસ્ટી સર્વ શ્રી ભાવેશભાઈ લાઠીયા, ઘનશ્યામભાઈ શંકર, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




### અમદાવાદ જિલ્લામાં ૭ લાખથી વધુ પોસ્ટકાર્ડ લખીને વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો

# ‘આત્મનિર્ભર ભારત’ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતાં પોસ્ટકાર્ડ લખવાની ઝુંબેશને રાજ્યમાં વ્યાપક જન પ્રતિસાદ

## રાજ્યભરની સહકારી મંડળીઓએ વડાપ્રધાનશ્રીના નિર્ણયોથી સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ બાદ GST ઘટાડો અને સ્વદેશી અપનાવવાનો કર્યો સંકલ્પ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. આ જ શ્રેણીમાં વડાપ્રધાનશ્રીએ સહકારિતા મંત્રાલયને અલગ બનાવીને ’સહકારથી સમૃદ્ધિ’ના વિઝનને નવો વેગ આપ્યો છે. સ્વદેશીના બળ પર આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરની સહકારી મંડળીઓએ પોસ્ટકાર્ડ લખવાની અનોખી ઝુંબેશ હાથ ધરી છે જેને રાજ્યભરમાં વ્યાપક જન પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ બાદ GST ઘટાડો અને સ્વદેશી અપનાવવાનો પણ રાજ્યભરની સહકારી મંડળીઓએ સંકલ્પ કર્યો છે.

વડાપ્રધાનશ્રીના આ વિઝનને આગળ ધપાવવા માટે ૬૦ જેટલા કલ્યાણકારી પગલાં લેવાયા છે, જેનાથી સહકારી મંડળીઓને અનેક ફાયદાઓ થયા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયો જેવા કે, વિદેશથી કૃષિ-ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ અને જીએસટી (GST)માં ઘટાડો થવાથી સહકારી મંડળીઓ તેમજ દૂધ મંડળીઓને સીધો લાભ મળશે.

જીએસટી ઘટાડાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોની બચતમાં વધારો કરવાનો અને ખેડૂતો સહિત નાના વેપારીઓને પ્રોત્સાહન આપવાનો છે. આર્થિક ગતિવિધિઓને વેગ આપતી સ્વદેશી ઝુંબેશ થકી ખેડૂતો, ગ્રાહકો અને વેપારીઓ સૌને લાભ મળી રહ્યો છે. જિલ્લાની સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સભાસદો, નાના વેપારીઓ અને ખેડૂતોએ આ નિર્ણયોને ઉમળકાભેર આવકાર્યા છે.

આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા દેશવાસીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા ’સહકારથી સમૃદ્ધિ’ કાર્યક્રમ હેઠળના વિવિધ ૧૭ આયામોના અમલ, જીએસટી ટેક્સ ઘટાડો, ખેડૂતલક્ષી યોજનાઓ અને સ્વદેશી ચળવળ અંતર્ગત આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટેના પ્રયાસોની સરાહના કરી હતી.

આ પોસ્ટકાર્ડમાં તેમણે "હું સ્વદેશી અપનાવીશ....! આત્મનિર્ભર ભારત આપણે બનાવીશું...!"ના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહકારી ક્ષેત્રે લેવાયેલા સકારાત્મક નીતિગત નિર્ણયો બદલ આભાર માન્યો હતો.

"હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" જેવા સૂત્રોથી આ અભિયાનમાં ભારતના નાગરિકો સ્વદેશી વસ્તુ વાપરવા પ્રત્યે જાગૃત થયા છે. આ મહાઅભિયાનમાં જોડાનારા વ્યક્તિઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડાપ્રધાન તરીકેની સફળતા અને લોકચાહનાને દર્શાવે છે.

● અમદાવાદ

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-૨૦૨૫ અંતર્ગત રાજ્યની વિવિધ સેવા સહકારી મંડળીઓના સભાસદોએ ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લિ. (ADC બેંક) સાથે મળીને અંદાજે ૭ લાખ જેટલા પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો છે. તે જ રીતે, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓની મહિલાઓએ ધી અમદાવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે મળીને અંદાજે ૧.૭૦ લાખ પોસ્ટકાર્ડ દ્વારા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

● અરવલ્લી

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામમાં આવેલી ફરેડી દૂધ મંડળીની બહેનોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્રો લખીને તેમના હિતલક્ષી નિર્ણયોની સરાહના કરી છે. આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા સહકારી સભ્યો પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છે. GST તથા સ્વદેશી અભિયાનને વધુ વેગવંતુ બનાવવા માટેના પ્રયાસોને મજબૂતી આપી રહ્યા છે.

● બોટાદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રી બોટાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી ભોળાભાઈ રબારી અને વાઈસ ચેરમેનશ્રી મેપાભાઈ મારુંએ પ્રજાલક્ષી તેમજ પશુપાલકલક્ષી નિર્ણય બદલ વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખી આભાર વ્યક્ત કર્યો.

● સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાની ૮૨૫ દૂધ મંડળીઓના સભાસદોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર ક્ષેત્રે કરેલી પહેલ બદલ આભાર વ્યક્ત કરવા માટે પોસ્ટકાર્ડ ઝુંબેશ યોજી હતી.

આ ઝુંબેશ અંતર્ગત સભાસદોએ પ્રધાનમંત્રીશ્રીને સંબોધીને ખાસ કરીને સહકાર મંત્રાલયની સ્થાપના, સહકારી ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારા, જીએસટીમાં રાહતો તથા સ્વદેશી ચળવળને પ્રોત્સાહન આપવાના પ્રયાસો બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

● જામનગર

સહકારી ક્ષેત્રને સમૃદ્ધ બનાવવા બદલ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ શ્રી ગોરખડી સેવા સહકારી મંડળી લી. ના સભ્યોએ ઉત્સાહભેર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આભાર વ્યક્ત કરતા પોસ્ટકાર્ડ લખ્યા હતા.

● ભાવનગર

ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ આર્થિક ઉત્કર્ષ માટે વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો હતો. બુધેલ ગામના ખેડૂતોએ પોસ્ટકાર્ડમાં વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં લખ્યું છે કે, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, આપના દ્વારા દેશના ઈતિહાસના ૭૫ વર્ષમાં પ્રથમ વખત અલગ સહકાર ખાતાની રચના કરી સહકારી ચળવળને વેગ આપ્યો છે એ બદલ અમે આપનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.

● પાલનપુર

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ હેઠળ સહકારી બેંક ક્ષેત્રે નવીનીકરણ અને ઘર આંગણે સુવિધાઓ પ્રદાન થતા બનાસકાંઠા સ્થિત બનાસ બેંકના ચેરમેનશ્રી અને બનાસ બેંકના કર્મચારીઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટ કાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો હતો. જેમાં પશુ નિભાવ ખર્ચ માટે ઝીરો ટકા વ્યાજે મળતી રૂ. ૨ લાખ સુધીની KCC લોન, ગ્રામ્ય કક્ષાએ માઈક્રો ATM જેવી સુવિધા, PACS કોમ્પ્યુટરાઈઝેશન, કોમન સર્વિસ સેન્ટર, નેશનલ કો ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડની રચના, ગ્રામીણ સોયાટીઓને ડિજિટલ માધ્યમ સાથે જોડવા માટેની ઝુંબેશ વગેરેનો સમાવેશ થાય છે.

● નર્મદા

નર્મદા જિલ્લાના ધારીખેડા સ્થિત શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નરેન્દ્રભાઈ પટેલ અને જિલ્લાના અગ્રણી ખેડૂતોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ થયેલા જી.એસ.ટી.માં સુધારા, ‘વોકલ ફોર લોકલ’ અને ‘સ્વદેશી’ અભિયાન સહિત સુગર ફેક્ટરીના વિકાસ માટે કેન્દ્ર-રાજ્ય સરકાર તરફથી મળેલી લોન-સહાય-સહકાર માટે ભારતીય પોસ્ટકાર્ડના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો હતો.

સુગર ફેક્ટરી દ્વારા પણ ગત વર્ષે ૬૦ હજાર લીટર ઈથેનોલનું ઉત્પાદન થયું તેમજ બીજા પ્લાન્ટની પણ સ્થાપના કરવામાં આવી છે.

કેન્દ્ર-રાજ્ય સરકારની નીતિઓ અને સહાયથી અમે સફળતાની રાહ ચીંધી છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતના ઘરે સ્વયં ગાય દોહી

### રાજ્યપાલશ્રીએ લાઠીના પ્રતાપગઢ ગામે રાત્રિ રોકાણ બાદ વહેલી સવારે ગ્રામજનો સાથે સહજ સંવાદ પણ સાધ્યો



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું.રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે પ્રતાપગઢ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી બીપીનભાઈ ભીખાભાઈ શંકરના ઘરે વહેલી સવારે પહોંચ્યા હતાં અને પ્રાકૃતિક ખેતી સાથે ગાયોના પાલન પોષણની વિગતો મેળવીને સ્વયં ગાય દોહી હતી. તેમજ પ્રતાપગઢના ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો.

# વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને ૨૫ વર્ષીય યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને નિખિલ રાજેશભાઈ ચંદારાણા નામના યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘટના પહેલા નિખિલે એક વીડિયો પણ ઉતાર્યો હતો અને એક સ્યુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેણે વ્યાજખોરોનો ત્રાસ અને પોલીસ કાર્યવાહી ન થવા અંગેના આક્ષેપો કર્યા છે. નિખિલે પોતાના નિવેદનમાં જણાવ્યું કે પત્ની પ્રેગનન્ટ હોવાથી પૈસાની જરૂર પડતાં તે નયન, અજીત, હિરેન અને જયદેવ નામના શખ્સોના સંપર્કમાં આવ્યો હતો. નિખિલે આ શખ્સો પાસેથી રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે તેણે અત્યાર સુધીમાં રૂ.૭ લાખ પરત ચૂકવી દીધા છે. જોકે આટલી રકમ ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ ઉઘરાણી ચાલુ રાખી હતી. એટલું જ નહીં તેમણે દબાણ કરીને નિખિલની કાર, સ્કૂટર અને આઈફોન પડાવી લીધા હતા.

આ પછી પણ ત્રાસ ઓછો ન થતાં વ્યાજખોરોએ નિખિલ અને તેની પત્નીના ફોટા પર બિભત્સ લખાણ લખીને વાયરલ કર્યા હતા. જેનાથી તેમનું ચરિત્ર હનન થયું હતું. આ સમગ્ર ત્રાસ અંગે નિખિલે અગાઉ પોલીસ કમિશનરને અરજી કરીને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. જોકે નિખિલના આક્ષેપ મુજબ પોલીસે કોઈ ગુનો દાખલ કર્યો ન હતો. જેનાથી કંટાળીને તેણે અંતે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. પોલીસે હવે આ ગંભીર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### બાળકી ચાર દિવસ પહેલા જ MPથી દાદા સાથે આવી હતી

# વેરાવળ શાપરમાં કૂતરાએ ફાડી ખાતા પાંચ વર્ષની બાળકીનું મોત

### મૃત્યુ પામનાર વિરલબેન હજુ ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી શાપર વેરાવળ રહેતા તેના દાદાના ઘરે રોકાવા આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના શાપર વેરાવળમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી પોતાના દાદાના ઘરે રોકાવા આવેલી પાંચ વર્ષની બાળકીને કૂતરાએ ફાડી ખાતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.શાપર વેરાવળમાં ભૂમિ ગેટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે સવારે વિરલબેન અંબુભાઈ વીણામા (ઉં.૫) નામની બાળા ઘર નજીક રમી રહી હતી. આ સમયે અચાનક એક કૂતરો ધસી આવ્યો અને બાળકી પર હુમલો કર્યો. કૂતરાએ બાળકીને નીચે પાડી દઈ તેના ગળાના ભાગે બટકું ભરી લીધું હતું.બાળકીના દેકારાથી લોકો ભેગા થતાં કૂતરો ભાગી ગયો હતો. કૂતરાના હુમલાથી વિરલબેન લોહીલુહાણ થઈ જતાં તેણીને તાત્કાલિક શાપર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનું કહેવામાં આવતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી, પરંતુ અહીં તબીબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં અને શાપરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.મૃત્યુ પામનાર વિરલબેન હજુ ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી શાપર વેરાવળ રહેતા તેના દાદા મુકેશભાઈ ભૂરાભાઈના ઘરે રોકાવા આવી હતી. સવારે ઘર નજીક રમતી હતી ત્યારે આ કરુણ બનાવ બન્યો હતો.વધુમાં જાણવા મળ્યા મુજબ, જે કારખાના પાસે બનાવ બન્યો ત્યાં દરરોજ કૂતરા રોટલી ખાવા આવતા હતા. રમી રહેલી બાળકી પર રોટલી ખાવા આવતા કૂતરાઓ પૈકીના એક કૂતરાએ જ હુમલો કરી બટકું ભરી લીધું હતું.

### પતિએ મહિને ૭૫ હજારનું ભરણ પોષણ ૫૪ મહિના સુધી ચૂકવ્યું નહોતુ

# ભરણપોષણ ન ચૂકવનારા પતિને ૫૪૦ દિવસ જેલની સજાને હાઈકોર્ટની બહાલી

### પતિએ ઓગસ્ટ ૨૦૧૫થી જુલાઈ ૨૦૨૨ સુધી ૮૫ મહિનાના ૫૬.૧૯ લાખ રૂપિયા ભરણપોષણના ચૂકવવાના હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

પત્ની અને બે સગીર સંતાનોને મહિને ૭૫ હજારનું ભરણ પોષણ ૫૪ મહિના સુધી નહીં ચૂકવનારા પતિને ૫૪૦ દિવસ જેલની સજાનો હુકમ હાઈકોર્ટે બહાલ રાખ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે એક વ્યક્તિને પોતાની પત્ની અને બાળકોના મળીને મહિનાના ૭૫ હજાર રૂપિયા ભરણ પોષણ ચૂકવવા હુકમ કર્યો હતો. જે પતિએ ૫૪ મહિના સુધી ન ચૂકવતા ગ્રામ્ય કોર્ટમાં પત્નીએ અરજી દાખલ કરી હતી. આથી ગ્રામ્ય કોર્ટે એક મહિનાના ૧૦ દિવસની જેલ લેખે પતિને ૫૪૦ દિવસ સાદી જેલની સજા ફટકારી હતી. જેની સામે પતિ અપીલમાં હાઈકોર્ટ ગયો હતો. પરંતુ હાઈકોર્ટે પણ અમદાવાદ ગ્રામ્ય કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવીને પતિની અપીલ રદ કરી હતી.

પતિએ ઓગસ્ટ ૨૦૧૫થી જુલાઈ ૨૦૨૨ સુધી ૮૫ મહિનાના ૫૬.૧૯ લાખ રૂપિયા ભરણપોષણના ચૂકવવાના હતા. ઉપરાંત માનસિક ત્રાસના વળતર પેટે ૭૫ હજાર રૂપિયા ચૂકવવાના હતા. આમ તેને કુલ ૫૬.૯૪ લાખ રૂપિયા પત્ની અને બાળકોને ચૂકવવાના હતા. પછી ટુકડે ટુકડે અમુક રકમ ભરી હતી. જ્યારે બાકીના ૪૦.૭૨ લાખ રૂપિયા ચૂકવવાના બાકી હતા. જેની સામે કોર્ટે રિકવરી વોરંટ કાઢતા પોલીસે પતિને પકડીને કોર્ટમાં હાજર કર્યો હતો. જ્યાં તેને જણાવ્યું હતું કે તેની પાસે પૈસા નથી.

પત્ની પતિના માલિકીના ૮૦ લાખના મકાનમાં જ રહે છે.પતિ-પત્નીના લગ્ન ૨૦૦૮માં જોધપુર રાજસ્થાનમાં થયા હતા. પત્નીએ પોતાના બે બાળકો સાથે ભરણપોષણ માગતા કોર્ટે પહેલા માસિક ૬૦૦૦ રૂપિયા પત્નીના અને ૩૦૦૦ રૂપિયા બાળકોના એમ કુલ ૯૦૦૦ રૂપિયા ભરણપોષણ ચૂકવવા હુકમ કર્યો હતો અને માનસિક ખર્ચના ૨૫,૦૦૦ રૂપિયા આપવા હુકમ કર્યો હતો. જેની સામે પત્નીએ અપીલ કરતા કોર્ટે તેને પોતાના ભરણપોષણના કુલ મહિને ૭૫ હજાર રૂપિયા ચૂકવવા અને એક લાખ માનસિક ત્રાસના ચૂકવવા હુકમ કર્યો હતો. પતિએ કહ્યું હતું કે ઈનકમટેક્સ રિટર્ન મુજબ તે મહિને માત્ર ૧૫ હજાર રૂપિયા કમાય છે. તે પહેલા ડોલરમાં કમાતો હતો. જે મહિને ત્રણ લાખ રૂપિયા થતા હતા. તેણે એન્જિનિયરિંગ કર્યું છે પરંતુ હવે એ ખાસ કમાતો નથી. પત્ની જજીસ બંગલા રોડ ઉપર રહે છે. પતિની બહેન અમેરિકા રહેતી હોવાથી પત્નીને પણ અમેરિકા રહેવા જવું હતું.

# ગુજરાતના જાહેર ક્ષેત્રના ‘રત્નો’નું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિનામાં શ્રેષ્ઠ પ્રદર્શન, સેન્સેક્સ અને નિફ્ટીને પાછળ છોડ્યા

ગુજરાતના જાહેર ક્ષેત્રના સાહસો (PSUs), જેમને ‘ગુજરાતના રત્નો’ તરીકે ઓળખવામાં આવે છે, તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિનામાં સ્ટોક એક્સચેન્જ પર શાનદાર પ્રદર્શન કર્યું છે, અને BSE સેન્સેક્સ તેમજ NSE નિફ્ટી જેવા બેન્ચમાર્ક સૂચકાંકોને પાછળ છોડી દીધાં છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ઔદ્યોગિક અને ઊર્જા ક્ષેત્રના જાહેર સાહસોએ સ્થિતિસ્થાપકતા, વ્યૂહાત્મક વૃદ્ધિ અને રોકાણકારોનો દૃઢ વિશ્વાસ પ્રદર્શિત કર્યો છે, જે રાજ્યના આર્થિક વિકાસના પાયા તરીકેની તેમની ભૂમિકાને મજબૂત બનાવે છે. શેરબજારોમાંથી સંકલિત થયેલા ડેટા મુજબ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC), ગુજરાત ગેસ લિમિટેડ, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (GSPL) અને ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) એ ૨૮ માર્ચથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, પોતાના શેરના ભાવમાં ૧૨૫.૧૭% નો અસાધારણ ઉછાળો નોંધાવીને GMDC શ્રેષ્ઠ પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યો છે, જે રૂા.૨૬૫.૩૫થી વધીને રૂા.૫૯૭.૫૦ થયો છે. તેનાથી વિપરીત, આ જ સમયગાળા દરમિયાન BSE સેન્સેક્સ ૩.૬૮% અને નિફ્ટી ૪.૬૪% વધ્યો, જે ગુજરાતના જાહેર ક્ષેત્રના એકમોનું દમદાર પ્રદર્શન દર્શાવે છે. કેન્દ્રીય સ્તરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વ્યૂહાત્મક સુધારા, સ્પષ્ટ નીતિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવેલા બદલાવની સીધી અસર ગુજરાતના જાહેર એકમોના વિકાસમાં પ્રતિબિંબિત થાય છે. નવા ઉદ્યોગો, ઊર્જા સુરક્ષા અને માઈનીંગમાં ટકાઉ પ્રથાઓ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાના લીધે રોકાણકારોને લાભ થયો છે અને લાંબા ગાળાના ફાયદા સુનિશ્ચિત થયા છે. આ ગુજરાતના રત્નો માત્ર આર્થિક સંપત્તિ નથી પરંતુ ગુજરાતના સુશાસન અને ઔદ્યોગિક ક્ષેત્રમાં દૂરંદેશીના પ્રતીક છે. આ આંકડાઓથી એ સ્પષ્ટ છે કે રોકાણકારોને જાહેર એકમોમાં ગાઢ ભરોસો છે. GMDCના વેલ્યુએશનમાં થયેલો વધારો સ્પષ્ટ છે, જેની પાછળ ખનિજોની વૈશ્વિક માંગ અને મુખ્ય માઈનિંગ ક્ષેત્રોમાં નિગમ દ્વારા કરવામાં આવેલું વ્યાપક વિસ્તરણ કારણભૂત છે. GSFCનો નોંધપાત્ર વિકાસ પણ એ દર્શાવે છે કે તેનું માળખું મજબૂત છે અને આબોહવાની બદલાતી પરિસ્થિતિ અનુસાર કૃષિ સામગ્રીની માંગ વધી છે. ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસનું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સફળતા રાજ્યની આર્થિક પ્રગતિના કેન્દ્ર તરીકેની છબીને મજબૂત બનાવે છે. એક દૂરંદેશી અને મજબૂત નેતૃત્વ સાથે, ગુજરાતના રત્નો ભવિષ્યમાં વધુ મજબૂત બનવા માટે તૈયાર છે.

### પોલીસે ૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

# સુરતમાં વ્હેલ માછલીની ઉલટીની ગેરકાયદેસર હેરાફેરી કરતા ૯ આરોપીઓની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની ઉમરા પોલીસે એક મોટી કાર્યવાહીમાં આંતરરાષ્ટ્રીય બજારમાં મૂલ્યવાન ગણાતા પદાર્થ એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલટીની ગેરકાયદેસર હેરાફેરી કરતા ૯ આરોપીઓની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીઓની ઉંમર ૧૯થી ૨૩ વર્ષની આસપાસની છે. ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં ધવલગિરી અપાર્ટમેન્ટ નજીક દરોડો પાડવામાં આવ્યો હતો.પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૮.૭૭૩ કિલોગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો જપ્ત કર્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિ કિલો એમ્બરગ્રીસની કિંમત લગભગ ૧ કરોડ ગણાય છે. તે મુજબ જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત આશરે રૂ.૮ કરોડ ૮૮ લાખ ૪૩ હજાર આંકવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ એમ્બરગ્રીસનો જથ્થો ભાવનગર સાઈડના દરિયામાંથી લાવવામાં આવ્યો હતો. એમ્બરગ્રીસનો મુખ્ય ઉપયોગ મોંઘા પરફ્યુમ અને મેડિસિન ઈન્ડસ્ટ્રીઝમાં થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી એમ્બરગ્રીસ ઉપરાંત બે વાહનો અને નવ મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. વ્હેલ માછલી એક સંરક્ષિત પ્રજાતિ હોવાથી પોલીસે તમામ આરોપીઓ અને જપ્ત કરાયેલા મુદ્દામાલને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સુપરત કર્યા છે.

# સુરતમાં વેપારીના પુત્રનું અપહરણ કરી હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

### સેશન્સ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ પણ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઊનમાં કરિયાણાના વેપારીના પુત્રનું અપહરણ કરી લાશના ટુકડા કર્યા બાદ થેલામાં ભરી ફેકી દેવાના કેસમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. સુરત શહેરના ઉનના ભીંડી બજારમાં જગદીશચંદ્ર નારાયણલાલ તેલીનું પરિવાર રહે છે. તેઓ કરિયાણાની દુકાન ચલાવે છે. ગઈ તારીખ ૧૯-૧-૨૦૧૩ના જગદીશચંદ્રના ૧૯ વર્ષીય પુત્ર કમલેશનું અપહરણ થયું હતું. અપહરણકારે જગદીશચંદ્રને ફોન પર જણાવ્યું હતું કે, “તુમારે લડકે કો હમને કિડનેપ કર લીયા હૈ”, સામે “કહા સે બોલતે હો” તેમ પુછતા તે સચિન શબ્દ બોલી અટકી ગયો હતો. એટલે તેને પૂછ્યું હતું કે “આપ કો કયા ચાહીએ?” તેવુ પૂછતા સામેથી હિન્દીમાં જણાવ્યું હતું કે “મુજે દસ લાખ રૂપિયા ચાહીયે, મે જગહ કલ બતાઉંગા પોલીસ કો બતાના મત નહી તો આપ જાનો” તેમ કહી ફોન કટ કરી દીધો હતો, ત્યારબાદ જગદીશચંદ્રએ દિકરાના ફોન ઉપર વારંવાર ફોન કરી સંપર્ક કરવા કોશિષ કરતા ફોન સ્વીચ ઓફ આવતો હતો.દીકરાના અપહરણ અંગે જગદીશચંદ્રએ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસ દરમિયાન બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી વિમલ(ગુટખા)ના થેલામાંથી અપહૃત કમલેશની લાશના ટુકડા મળી આવ્યા હતા. હત્યાના બનાવમાં પોલીસે આરોપી રાકેશકુમારસીંગ ઉર્ફે રાજુસીંગ ઉર્ફે સુખાડી, શ્યામલાલસીંગ કુસ્વાહ, (રહે, પાંડેસરા વડોદ ગણેશનગર શિવનગર પ્લોટ નં.૫, લાલજીવર્માના મકાનમાં, સુરત. મુળ વતન બકુઆ, થાના-રોશતાસ, પો.અમજોર, જી.રોશતાસ, બિહારને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. આ આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં આ કેસ ન્યાયિક કાર્યવાહી માટે ચાલ્યો હતો. સુરતની સેશન્સ કોર્ટે આરોપી રાજેશકુમાંને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

# વડોદરામાં કોર્પોરેશનના ગાર્ડનમાં જામી દારૂની મહેફીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા, એક સંસ્કારીનગરી. પરંતુ હવે વડોદરા સંસ્કારી નગરી હોય એવું લાગી રહ્યું નથી. થોડા દિવસ પહેલા ગરબામાં કપલની અશ્લિલ હરકત અને હવે કોર્પોરેશનના ગાર્ડનમાં જ દારૂની મહેફિલ સામે આવી છે. નવરાત્રિના માહોલમાં દારૂડિયાઓએ ગાર્ડનમાં કેવી રીતે જમાવી દારૂની રમઝટ, જોઈએ જનતાની વાતમાં.આમ તો વડોદરા સંસ્કારીનગરીના નામથી ગુજરાતમાં જાણીતું છે. પરંતુ છેલ્લા થોડા દિવસથી વડોદરામાં બની રહેલી ઘટનાઓ સંસ્કારીનગરીને દાગ લગાવી રહી છે. હાલમાં જ વડોદરાના ગરબામાં ખેલૈયાઓની અશ્લિલ હરકતો સામે આવી હતી.જે જગ્યા પર દારૂની મહેફિલ જામી હતી તે ગોરવામાં આવેલું કૃષ્ણસાગર તળાવ છે. ધારાસભ્ય કેયુર રોકડિયાના મત વિસ્તારમાં આવતું આ કૃષ્ણસાગર તળાવ કોર્પોરેશન સંચાલિત છે. તેવામાં કોર્પોરેશનના જ ગાર્ડનમાં જાહેરમાં દારૂ પાર્ટીની ઘટના સામે આવી છે.ધારાસભ્ય કેયુર રોકડિયાના મત વિસ્તારના ગાર્ડનમાં આ દારૂ પાર્ટી પહેલીવાર નથી થઈ, ઘણા સમયથી ગાર્ડનમાં દારૂ પાર્ટી ચાલી રહી છે.